NAVSARI AGRICULTURAL UNIVERSITY

# સંશોધન નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી
# એરૂ ચાર રસ્તા, નવસારી- ૩૯૬ ૪૫૦

વંચાણે લીધા : ૧. ગુજરાત સરકાર ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ ૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-(બો/કોર્પો.)-ચ,સચિવાલય, ગાંધીનગર તા.૧૪/૦૮/૨૦૧૭

૨. ગુજરાત સરકાર ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક:એસપીઓ-૧૦૨૦૧૫-૬૯૧૦૯૩-ચ, સચિવાલય, ગાંધીનગર તા.૧૪/૧૦/૨૦૧૭

## -:: પરિપત્ર ::-

વિષય : Government e-Marketplace(GeM) માં રજીસ્ટ્રેશન કરવા બાબત..

ગુજરાત સરકાર ઉધોગ અને ખાણ વિભાગના વંચાણે લીધેલ ઠરાવ મુજબ ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલની રચના કરવામાં આવેલ છે. જે સરકારી ખરીદીઓ માટેની સંપૂર્ણ પણે ઓનલાઇન સેવા પુરી પાડતુ પોર્ટલ છે. સરકારી સંસ્થાઓ ધ્વારા થતી ખરીદી ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ (GeM) મારફત જ કરવાની રહે છે. જેથી નવસારી કૃષિ યુનિવર્સિટીમાં પણ સદર ઠરાવ અનુસાર(GeM) મારફત ખરીદી કરવા માટે GeM માં રજીસ્ટ્રેશન કરવાનું થાય છે

આથી યુનિવર્સિટીમાં દરેક વિભાગોએ GeM મારફત ખરીદી કરવા માટે DDO/Buyer /Consignee તરીકે Secondary User બનાવવાના થાય છે. જેના માટે દરેક કચેરી/વિભાગના DDOની માહિતી ફરજીયાત આપવાની રહે છે. ઉપરાંત કચેરી/વિભાગ ખાતેની ખરીદીની કાર્યવાહી કરવા માટે એક અથવા તેથી વધુ કચેરીની જરૂરીયાત મુજબના મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક અને તેની કક્ષાથી ઉપરના કર્મચારીઓને Buyer/Consignee તરીકે નક્કી કરી માહિતી આપવાની રેહશે. જેથી જે-તે કર્મચારીએ નવસારી કૃષિ યુનિવર્સિટીના ઇ-મેઇલ (....@nau.in) થી જ લોગ ઇન થયા પછી બ્રાઉઝરમાં આ https://goo.gl/forms/zgUiZwhpBs8BiEzr1 લીંક ઓપન કરી તેમા જરૂરી વિગતો ભરી, સબ્મીટ કરવાનુ રેહશે. આમ સબ્મીટ થયેલ ફોર્મની નકલ જે-તે કર્મચારી(USER)ના લોગ ઇન થયેલ ઇ-મેઇલ પર મળશે. જેની પ્રીન્ટ કાઢી કચેરીના વડાના સહી-સીક્કા સાથે અત્રેની આયોજન શાખામાં ૧૬/૦૮/૨૦૧૮ સુધીમાં રૂબરૂ મોકલી આપવા આથી જણાવવામાં આવે છે.

જા.નં.નકૃયુ/સંનિ/આયોજન/GeM/૯૯૭૪-૯૯૨૪/૨૦૧૮

તા.૦૯.૦૮.૨૦૧૮

R.M...

(ઇ/ચા)સંશોધન નિયામક અને

અનુસ્નાતક વિધાશાખાધ્યક્ષ

નકલ રવાના:

૧. માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ સારૂ.

૨. યુનિવર્સિટીના તમામ કચેરી/વિભાગ/કેન્દ્રના વડાશ્રીઓ તરફ ઉક્ત બાબતે તાત્કાલીક કાર્યવાહી કરવા સારૂ